# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **ભારતીય સૈન્યના સાહસ અને બહાદુરીને બિરદાવવા ગાંધીનગરમાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી જ્યારે ભાવનગરમાં કેન્દ્રીય રાજ્ય મંત્રીની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા યોજાઇ.**
2. **કાર્બાઇડ ફ્રી અને ખેડૂત પાસેથી ગ્રાહકો સીધી જ કેરી ખરીદી શકે તે માટે અમદાવાદમાં કેસર કેરી મહોત્સવ શરૂ.**
3. **C.B.S.E.ની પરીક્ષાના જાહેર થયેલા પરિણામમાં અમદાવાદની ઈશાની દેબનાથે ધોરણ 12 હ્યુમેનિટીઝમાં દેશમા પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.**
4. **આજે રાજયના કેટલાંક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી.**
5. **અમદાવાદમાં ગુજરાત સાયન્સ સિટી ખાતે ‘એસ્ટ્રોનૉમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરીનો આજથી આરંભ થશે.**
6. **ગુજરાત સુપર લીગ ફૂટબોલ સિઝન-2માં અમદાવાદ એવેન્જર્સને હરાવીને વડોદરા વોરિયર્સ ચેમ્પિયન બન્યુ.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# TRIRANGA YATRA

ભારતીય સેનાના સન્માનમાં દેશ સહિત રાજ્યભરમા તિરંગા યાત્રા યોજાઈ રહી છે..

જે અંતર્ગત રાજ્યના વિવિધ વિસ્તારોમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગરમાં યોજાયેલ તિરંગા યાત્રામાંગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. સેકટર 21 થી પંચદેવ મહાદેવ મંદિર સુધી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું..આ તિરંગા યાત્રાને લઈ શ્રી સંઘવીએ આ મુજબ જણાવ્યું હતું....

## બાઈટ – હર્ષ સંઘવી

જામનગરમાં પણ લાખોટા તળાવ ખાતેથી તિરંગા યાત્રાને પ્રસ્થાન કરવામાં આવ્યું હતું અને શહેરના મુખ્ય માર્ગો પર આ તિરંગા યાત્રા દેશભક્તિના ગીતો અને રાષ્ટ્રધ્વજ સાથે નીકળી હતી. જેમાં સાંસદ પુનમબેન માડમ સહિત ધારાસભ્યો હાજર રહ્યા હતા..

## બાઈટ- પુનમબેન માડમ સાંસદ

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે કેન્દ્રિય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાની ઉપસ્થિતીમાં મોતીબાગ ટાઉન હોલથી શહીદ સ્મારક સુધી ભવ્ય તિરંગાયાત્રા યોજાઈ હતી. ભાવસિંહજીની પ્રતિમાને ફૂલહાર કરીને તિરંગા યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

---

# KESAR KERI MAHOTSAV

ખેડૂતો પાસેથી ગ્રાહકો સીધી જ કેરી ખરીદી કરી શકે તેવા આશય સાથે કૃષિ મંત્રી રાઘવજી પટેલે અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૫'નો આરંભ કરાવ્યો હતો.

આ વર્ષે પણ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓના કેરી પકવતા ખેડૂતો, ખેડૂત મંડળીઓ અને નેચરલ ફાર્મિંગ FPOને સાથે લાવીને 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરીજનો કેસર કેરી મહોત્સવનો મહત્તમ લાભ લે અને ઉચ્ચ ગુણવત્તાવાળી કાર્બાઇડ ફ્રી કેસર કેરીની મીઠાશને માણી શકશે.

**બાઇટ- રાઘવજી પટેલ ,કૃષિમંત્રી**

---

# TEKA NA BHAV

ઉનાળુ મગના ટેકાના ભાવે વેચાણ માટે આજથી નોંધણી શરૂ થશે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, મગના ઓછા ભાવથી કોઈપણ ખેડૂતને આર્થિક નુકશાન ન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કરાયો છે.

શ્રી પટેલે ઉમેર્યું કે આગામી 25 મે સુધીમાં રાજ્યના ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ કેન્દ્રો ખાતેથી VCE મારફતે નાફેડના ઇ-સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરવાની રહેશે. આ નોધણી માટે ખેડૂતોએ કોઇ પણ પ્રકારનો ચાર્જ ચૂકવવાનો રહેશે નહી.

ઉલ્લેખનીય છે કે , કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2024-25 માટે ઉનાળુ મગ પાક માટે 8 હજાર 682 પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરાયો હતો.

---

# CBSE AHMEDABAD TOPPER

CBSE બોર્ડનું ધોરણ 10 અને 12નું પરિણામ જાહેર થયું છે. જેમાં અમદાવાદના પ્રહલાદનગરમાં રહેતી ઈશાની દેબનાથે ધોરણ 12 હ્યુમેનિટીઝમાં 100 ટકા મેળવ્યા છે. ઈશાની દેબનાથે હ્યુમેનિટીઝમાં તમામ વિષયમ 100માંથી 100 માર્ક્સ મેળવ્યા છે. ઈશાની દેશભરમાં ધોરણ 12 હ્યુમેનિટીઝમાં પ્રથમ ક્રમે આવી છે. ઈશાનીએ શરૂઆતથી જ ટ્યુશન વિના અભ્યાસ કર્યો હતો. ધોરણ 12માં પણ તે સ્કૂલના અભ્યાસ પર ધ્યાન રાખતી હતી. હવે તે ભવિષ્યમાં સાયકલોજીનો અભ્યાસ કરવા ઈચ્છે છે.

ઇશાનીએ જણાવ્યું હતું કે, મારા શિક્ષક અને વાલી મને સહયોગ કરતા હતા. હું ટ્યુશન વિના સ્કૂલમાં ભણતી હતી. હું સમય કાઢીને  શોર્ટ સ્ટોરી અને ટીવી જોતી હતી. હું શરૂઆતથી સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી ન હતી..

---

# WEATHER

હવામાન વિભાગે આગામી 4 દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં 2-4 ડિગ્રીનો વધારો થવાની આગાહી કરી છે. સાથેસાથે આગામી 2 દિવસ ગુજરાત રાજ્યના ખાસ કરીને દક્ષિણ ગુજરાતના ભાગોમાં વરસાદી માહોલ રહેશે. આજે ગુજરાત પ્રદેશના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા,

છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, દાદરા નગર હવેલીમાં હળવા વરસાદની શક્યતા રહેશે.

## બાઇટ- રામાશ્રય યાદવ, હવામાન વૈજ્ઞાનિક

આજે રાજ્યના કેટલાંક વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે આછું વાવાઝોડું અને સપાટીના પવન સાથે 30-40 કિમી પ્રતિ કલાકની ઝડપે હળવા વરસાદની શક્યતા રહેશે..

---

## AUSTRONOMY SPACE GALLERY

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત અમદાવાદ સ્થિત સાયન્સ સિટી ખાતે એક નવીનત્તમ ગેલેરી, 'એસ્ટ્રોનૉમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી'નો આજથી પ્રારંભ થઇ રહ્યો છે. સૌરમંડળની રચના ઉપર આધારિત આ ગેલેરી એક અદ્ભુત શૈક્ષણિક અને માહિતીસભર બની રહેશે.

સાયન્સ સિટી સ્થિત એક્વેરિયમ , રોબોટિક ગેલેરી બાદ આજે ત્રીજી એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ ગેલેરી મુલાકાતીઓ માટે ખુલ્લી મૂકવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે વિશેષ એક્ટિવિટી અને 3- ડી ફિલ્મનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

કુલ 12,797 ચોરસ મીટરના વિસ્તારમાં આવેલી આ ગેલેરીમાં મધ્યમાં સૂર્યનું પ્રતિનિધિત્વ કરતો, ત્રણ માળ જેટલો ઊંચો વિશાળ ગ્લોબ આવેલો છે , જેની ફરતે અન્ય ગ્રહોની ગોઠવણ પણ જોઈ શકાય છે. ત્રણ માળની બનેલી આ ગેલેરીમાં છ

મુખ્ય વિભાગો આવેલા છે. આ સાથે ફંડામેન્ટલ્સ એન્ડ હિસ્ટ્રી વિભાગમાં 47 એક્ઝિબિટ્સ મૂકવામાં આવ્યા છે , જે એસ્ટ્રોનોમીના મૂળ સિદ્ધાંતો અને તેના ઇતિહાસની માહિતી આપે છે.

---

# VERAVAL POCSO COURT

વેરાવળની સ્પે. ( પોકસો) કોર્ટ દ્વારા પાંચ વર્ષ પહેલા સગીરા ઉપર દુષ્કર્મના કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને રોકડા પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકારતો હુકમ કરેલ છે. આ કેસમાં ગીર સોમનાથ જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ ડી.વાળા એ કેસને સાબીત કરવા માટે અંદાજે આઠ જેટલા સાહેદોમાં ફરીયાદી અને અન્ય સાહેદો તેમજ પંચ, ડોકટર અને પોલીસ સહીત તમામની મૌખિક જુબાનીઓ દરમ્યાન દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા હતા.. આ દસ્તાવેજી પુરાવા અને જુબાનીના આધારે કોર્ટે આરોપીને સખત સજા ફટકારી હતી.

---

# FOOTBALL MATCH

ફુટબોલની ગુજરાત સુપર લીગ- 2માં વડોદરા વોરિયર્સ વિજેતા બની. ગઈકાલે અમદાવાદ એવેન્જર્સ અને વડોદરા વોરિયર્સ વચ્ચે રમાયેલી ફાઈનલમાં

વડોદરા વોરિયર્સની ટીમ વિજેતા બની છે. રમતના અડધા સમય સુધી બંને ટીમોનો સ્કોર 0-0 હતો. આ મેચમાં વડોદરા વોરિયર્સે 6-5થી જીત મેળવી છે.

---

# CABINET-PMJAY

"ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના" અંતર્ગત હવે રાજ્યના તમામ અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને 10 લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવાર મળશે. ગઇકાલે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હોવાની જાહેરાત પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કરી હતી. રાજ્યના અંદાજીત 6 લાખ 40 હજાર અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને આ યોજનાનો લાભ મળશે.

## બાઇટ: ઋષિકેશ પટેલ - આરોગ્ય મંત્રી

---